# Second India-New Zealand Bilateral Cyber Dialogue

November 17, 2021

# દ્વિતિય ભારત-ન્યૂઝિલેન્ડ દ્વિપક્ષીય સાઈબર મંત્રણા

નવેમ્બર 17, 2021

ભારત-ન્યૂઝિલેન્ડ દ્વિપક્ષીય સાઈબર મંત્રણાની બીજી આવૃત્તિ 16-17 નવેમ્બર 2021ના રોજ વર્ચ્યુઅલ મોડમાં યોજાઈ હતી. ભારતીય પ્રતિનિધિમંડળનું નેતૃત્વ શ્રી અતુલ મલ્હારી ગોત્સુર્વે, જોઈન્ટ સેક્રેટરી (સાઈબર ડિપ્લોમસી), વિદેશ મંત્રાલય દ્વારા કરવામાં આવ્યું હતું. ન્યૂઝિલેન્ડના પ્રતિનિધિમંડળનું સહ-નેતૃત્વ ડેન ઈટોન, ડિરેક્ટર નેશનલ સિક્યોરિટી પોલિસી, ડિપાર્ટમેન્ટ ઓફ પ્રાઈમ મિનિસ્ટર એન્ડ કેબિનેટ (ડીપીએમસી) અને જ્યોર્જિના સાર્ગિસન, એક્ટિંગ યુનિટ મેનેજર, ઈમર્જિંગ સિક્યોરિટી ઈશ્યૂઝ, આંતરરાષ્ટ્રીય સુરક્ષા અને નિઃશસ્ત્રીકરણ ડિવિઝન, વિદેશ અને વ્યાપાર મંત્રાલય (એમએફએટી) દ્વારા કરવામાં આવ્યું હતું. બંને દેશોના વિવિધ સરકારી મંત્રાલયો અને વિભાગોના વરિષ્ઠ અધિકારીઓએ સાયબર ડાયલોગમાં ભાગ લીધો હતો.

2. સાયબર ડાયલોગમાં સાયબર સ્પેસમાં હાલના દ્વિપક્ષીય સહકારના વિવિધ પાસાઓ પર ચર્ચા કરવામાં આવી હતી, દ્વિપક્ષીય, પ્રાદેશિક અને બહુપક્ષીય મંચો પર સાયબર મુદ્દાઓ પર નવીનતમ વિકાસ પર મંતવ્યોનું આદાનપ્રદાન કરવામાં આવ્યું હતું અને સાયબર ક્ષેત્રમાં સહકારને વધુ ગાઢ બનાવવા માટેની પહેલો વિશે વિચારણા કરવામાં આવી હતી.

3. પ્રતિનિધિમંડળે પરસ્પર હિતના વિવિધ વિષયો પર ચર્ચા વિચારણા કરી હતી અને સાયબર સુરક્ષા, સાયબર ક્રાઈમ અને ક્ષમતા નિર્માણના ક્ષેત્રોમાં એકબીજા સાથે મળીને કામ કરવા સંમત થયા હતા.

**નવી દિલ્હી**
**નવેમ્બર 17, 2021**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA’s website and may be referred to as the official press release.